GCCI
2017-18

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

# Press Note

૨૬ જુન, ૨૦૧૯

GCCI ખાતે આજ રોજ તાત્કાલિક ધોરણે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ની જોગવાઈ અંતર્ગત પ્લાસ્ટીક ઉદ્યોગોને મળેલ ક્લોઝર નોટીસના મુદ્દાઓની ચર્ચા કરવા માટે GPCB સાથે અગ્રગણ્ય ઉદ્યોગકારો તથા પ્લાસ્ટીક ઉદ્યોગ સાથે સંકળાયેલ મહાજનો સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં આશરે ૧૦,૦૦૦ પ્લાસ્ટીક ઉદ્યોગો સ્થપાયેલ છે જેમાં આશરે ૩ લાખ લોકો સીધા અને ૩૦ લાખ જેટલા પરોક્ષ કર્મચારીઓ તથા મલ્ટીલેયર પ્લાસ્ટીક મેન્યુફેક્ચર્સને આ નિર્ણય અંતર્ગત પ્રતિકૂળ અસર થઇ રહેલ છે. કાયદાની અનુસાર છ મહિનામાં કંપનીએ રજીસ્ટ્રેશન/ એક્શન પ્લાન GPCB માં આપવાનો રહે છે જેનો અમલ ન થતાં પ્લાસ્ટીક ઉદ્યોગકારોને ક્લોઝર નોટીસ આપવામાં આવેલ છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને મળેલ નોટીસના કારણે ગુજરાત રાજ્ય તથા ભારત સરકારને પણ આર્થિક સંકટનો સામનો કરવો પડશે તથા બેન્કના NPA પણ વધી જશે. ઉદ્યોગકારોને મદદરૂપ થવા GCCI દ્વારા તાકીદે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં GPCB તરફથી શ્રીમતી ઉર્વશીબેન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે ઉદ્યોગકારોને કાયદાની યોગ્ય જોગવાઇ તથા એક્શન પ્લાનની રજૂઆત કેવી રીતે કરવી તેની જાણકારી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે રીજનલ ઓફીસીસ, નગરપાલિકાના લેવલ પર પણ અવેરનેસ સેમિનાર તથા ટ્રેનિંગનું આયોજન કરવામાં આવશે.

ઉદ્યોગકારોને આ નોટીસ અંતર્ગત ૧૫ દિવસની લીમીટ આપવામાં આવી હતી જે ખુબજ ઓછી છે તેવી ગુજરાત ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. GCCI દ્વારા GPCB ને વિનંતી કરવામાં આવી હતી કે ઉદ્યોગકારો દ્વારા બાંહેધરી લઇને એક્શન પ્લાન રજુ કરવા માટે ૧૮૦ દિવસનો સમય આપવો. ચેમ્બર દ્વારા ઉદ્યોગકારોને રજીસ્ટર એસોસીયેશન બનાવવાની તથા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ માટે કોમન ફેસીલીટી બનાવવાનું સૂચન કર્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે જો પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ માટેનું માળખું બનાવીને રજુ કરવામાં આવશે તો ચેમ્બર તેના માટે યોગ્ય રોકાણકારો ઉભા કરવાનો સહકાર આપશે. ઉપસ્થિત ઉદ્યોગકારોને જે ક્લોઝર નોટીસ આપવામાં આવી છે તેમના વતી ગુજરાત ચેમ્બર તરફથી ગુજરાત સરકારને આ ક્લોઝર નોટીસ રદ કરવા માટે ટૂંક સમયમાં રજૂઆત પાઠવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**જગદીશ શાહ**
*સેક્રેટરી જનરલ*